ક્રમાંકઃ શ્ર.આ.ક/લવધ/ખા.ભથ્થુ/૫૭૦૫૧
૧૧૮
શ્રમ આયુકતની કચેરી,બીજો માળ,
બ્લોક નં.૧૧,૧૨,૧૪, ઉદ્યોગ ભવન,
સેકટર નં.-૧૧, ગાંધીનગર.
તારીખઃ- ૧૮/૩/૨૦૧૧

પ્રતિ,
શ્રી
--------------------------------------------
--------------------------------------------

## શ્રમ આયુકત
## ગુજરાત રાજય, ગાંધીનગર
## લઘુંતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.

લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટેઠ નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દર હવે તા. ૧-૪-૨૦૧૧ થી તા.30-૯-૨૦૧૧ સુધીના સમય માટેના દૈનિક દર ખાસ ભથ્થાના દર નીચે મુજબ થયેલ છે.

| અ.નં. | અનુસૂચિત રોજગારી/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂ.) રૂ.પૈસા |
|---|---|---|
| ૧ | ખાનગી સલામતી રક્ષક સેવાઓની રોજગારી (વ્યવસાય) | રૂ. ૫૯-૪૦ પૈસા |
| ૨ | અનુ.નં.૧ અને અગરબત્તી બનાવવાની રોજગારી સિવાયની દરેક રોજગારી (વ્યવસાય) | રૂ. ૩૯-૪૦ પૈસા |

આમ દરેક વ્યવસાયમાં આ સમય દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દરમાં રૂ. ૧૧-00 પૈસાનો વધારો થયેલ છે.

ક્રમાંકઃ શ્ર.આ.ક/ કોલેએ/દૈ.ભ./ ૬૪૩ થી ૬૪૯
શ્રમ આયુકતની કચેરી,ગુજરાત રાજય,
ઉધોગ ભવન,બ્લોક નં.૧૧,૧૨ અને ૧૪
બીજોમાળ,સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
તા. ૨૩/૩/૨૦૧૧

# પરિપત્ર

## <u>કોન્ટ્રાકટ મજૂર(નિ. અને ના.) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ખાસ ભથ્થું બહાર પાડવા બાબત.</u>

આથી સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર ( નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં.(૪) માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુતમ વેતન ધારા,૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુતમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુતમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવન નિર્વાહ ભથ્થું ચુકવવાનું રહે છે. પરંતું જે વ્યવસાયોનો લઘુતમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચુકવવાનું રહેશે.

લઘુતમ વેતન ધારા,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર ( નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ, ૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં. (૬) થી મળેલ સત્તાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચુકવવાની થતી મજુરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા. ૧/૧૦/૨૦૦૮ થી અમલમાં આવેલ છે.

(૧) કુશળ શ્રમયોગી માટે દૈનિક રુપિયા ૧૩૦-૭૦ પૈસા
(૨) અર્ધ કુશળ શ્રમયોગી માટે દૈનિક રુપિયા ૧૨૯-૧૦ પૈસા તથા
(૩) બિન કુશળ શ્રમયોગી માટે દૈનિક રુપિયા ૧૨૭-૪૦ પૈસા

ઉકત નકકી કરવામાં આવેલ વેતન દરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું <u>તારીખ ૧-૪-૨૦૧૧ થી તારીખ ૩૦-૯-૨૦૧૧ સુધીના ૬(છ) માસના સમય માટેઠ દૈનિક રુપિયા ૩૯-૪૦ પૈસા (અંકે રુપિયા ઓગણચાલીસ અને ચાલીસ પૈસા પૂરા</u> ) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સત્તાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ આયુકત
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાના -</u>

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) નાયબ શ્રમ આયુકતશ્રી.................................